# ડીસામાં જિલ્લા કલેક્ટરે રોયલ્ટી ચોરી કરતી શકમંદ ટર્બો ટ્રક ઝડપી

ડીસા, તા. ૨૯

બનાસકાંઠામાં ખાન અને ખનીજ વિભાગની નિષ્ક્રિયતા થી અમુલ્ય એવા ખનીજની મોટા પાયે ચોરી થાય છે તો વળી, કેટલાક લીઝ ધારકો વર્ષે દહાડે કરોડોની રોયલ્ટી ચોરી કરતા આ કોભાંડની તપાસની પણ માંગ ઉઠી છે ત્યારે બનાસકાંઠા જીલ્લા કલેકટર દિલીપકુમાર રાણાએ ગાંધીગીરીએ રાજધર્મ નિભાવી રોયલ્ટી ચોરી કરતી એક શકમંદ ટ્રક ઝડપી પાડતા ખાન ખનીજ વિભાગ ધતું ઝડપાયું છે.



આ ધટના ની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠા જિલા કલેકટર દિલીપકુમાર રાણાનાં અધિકારી કસ્તરના -વાસ દરમ્યાન તેમની ધ્યાને ભીલડીના ખેટવા ગામ નજીક એક ટર્બો ટ્રક રેતી ખનીજની ચોરી કરી જતી નજરે પડી હતી. જેથી આ બેરોકટોક ચાલતા ખનીજ ચોરીના કોભાંડથી તેઓ ચોકી ઉઠ્યા હતા જે બાદ તેમની સીધી સુચનાએ આ ટ્રક રોકાવી ચાલકની પુછપરછ હાથ ધરતા તેની પાસે સાધનિક કાગળો કે રોયલ્ટી લગતા દસ્તાવેજો ન મળી આવતા તેમને આ ટ્રક જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવા ડીસા મામલતદાર શિવરાજ ગીલ્વાને આદેશ કર્યો હતો. જેમાં જીલ્લા કલેકટરનાં સીધાં આદેશે તંત્ર હરકતમાં આવ્યું હતું અને ડીસા મામલતદાર શિવરાજ ગીલ્વાએ આ ટ્રક તપાસ અર્થે જપ્ત કરી રોયલ્ટી અને ટ્રકનાં માલિકી હક્ક અને કાયદેસરતા માટે મદદનીશ ભૂસ્તર શાસ્ત્રી બનાસકાંઠા અને જીલ્લા આર.ટી.ઓ. અધિકારીને આદેશ કરતા રોયલ્ટી ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસાની બનાસનદી પટમાંથી -તિદિન લાખોની રોયલ્ટી ચોરી થાય છે. ડીસાના રાણપુર અને વાસડા ગામના બનાસનદી પટમાંથી નિત્ય ૧૦૦ થી વધુ ટ્રકો આ ખનીજ ચોરી કરે છે. અહી રાણપુરથી ડીસા તરફ આવતા રોડ પરથી આ ટ્રકો ન પસાર થાય તે માટે તંત્રે સ્પષ્ટ આદેશ આપ્યો હોવા છતાં અહી ખાન અને ખનીજ વિભાગની મિલીભગતે આ ગેરકાયદેસરનું નેટવર્ક ચાલી રહ્યું છે જેની પણ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.



## અરવલ્લી જિલ્લામાં વિશિષ્ઠ યોગદાન આપનાર ત્રણ મહાનુભાવોનુ સન્માન કરાયુ

કેટલાક લોકોના મનમાં લોકો માટે કઈક કરી છુટવાની ભાવના રહેલી હોય છે. આવા લોકો સમાજ માટે કઈક કરી છુટવા માટે હંમેશા તૈયાર હોય છે ત્યારે આવા જ અરવલ્લી જીલ્લાના ત્રણ મહાનુભવોનુ અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર ધ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર ધ્વારા આ વર્ષે એક નવો જ ચીલો પાડયો છે જિલ્લાના લોકો કેટલાક વિશિષ્ટ વ્યકતિઓની પ્રેરણા લઈને અન્ય લોકો પણ સામજીક પ્રવૃતી માટે પ્રેરાય તે હેતુથી અરવલ્લી જિલ્લા કલેકટર ધ્વારા અરવલ્લી જિલ્લામાં અલગ અલગ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન પુરૂ પાડનાર મહાનુભવોનુ જાહેરમાં સન્માન કરવાનુ નકકી કરવામાં આવ્યુ હતુ. જે અંર્તગત ગણતંત્ર પર્વની રાત્રે મોડાસા ખાતે આવેલ ટાઉનહોલમાં સુરમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અરવલ્લી જીલ્લા કલેકટર બી. જે. ભટ્ટ ધ્વારા અરવલ્લી જિલ્લામાં વિશિષ્ટ યોગદાન આપનાર ત્રણ જેટલા મહાનુભવોનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં સાર્વજનિક હોસ્પીટલ મેડીકલ ડાયરેકટર ડૉ. દવેને તબીબી ક્ષેત્રે જે સેવાકીય પ્રવૃતીઓ કરવામાં આવી છે અને જે યોગદાન આપવામાં આવ્યુ છે તે માટે રાજય સરકાર ધ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. ત્યારે અરવલ્લી જિલ્લા કલેકટર ધ્વારા પણ તેમનુ અરવલ્લી જીલ્લામાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ સન્માન કરવામાં આવ્યુ હતુ. જયારે આવી જે બીજી એક વિશિષ્ટ વ્યકિત સુરેશભાઈ સોની કે જે છેલ્લા કેટલાય વર્ષોથી રાજેન્દ્રનગર ખાતે સહયોગ કૃષ્ઠ ટ્રસ્ટ સ્થાપી રકતપિતના દર્દીઓની વિનામુલ્યે સારવાર કરવાનુ બીડુ ઝડપ્યું છે તેમજ મંદબુધ્ધીના બાળકો માટે પણ એક આશ્રમ ખોલી એક સેવાકિય કામ કરી રહયા છે તેમના આ વિશિષ્ટ યોગદાન બદલ તેમનુ પણ જિલ્લા કલેકટર ધ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. ત્યારે મનુભાઈ શાહ કે જે સંગીતક્ષેત્રમાં ખુબ જ નિપુણ કલાકાર છે અને અરવલ્લી જીલ્લાનુ નામ સમગ્ર રાજયમાં રોશન કર્યુ છે ત્યારે તેમની આ વિશિષ્ઠ સિદ્ધિ બદલ તેમનુ પણ અરવલ્લી જીલ્લા કલેકટર ધ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

## હિંમતનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક મળી

હિંમતનગર તાલુકા પંચાયતની ગુરૂવારે -થમ કારોબારી સમિતિની બેઠક મળી હતી. જેમાં સભ્યોની ઉપસ્થિતિમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે વિક્રમસિંહ પરમારની સર્વાનુમત વરણી કરાઈ હતી.

આ અંગે તાલુકા પચાયત કચેરીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તાલુકા વિકાસ અધિકારી જી.ડી.-જાપતિની ઉપસ્થિતિમાં ગુરૂવારે કારોબારી સમિતિની બેઠક મળી હતી. જેમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે વિક્રમસિંહ શિવસિંહ પરમારની નિમણુક કરવામાં આવી હતી. ઉપરાંત તાલુકા પંચાયતના -મુખ ચેતનાબેન હિતેન્દ્રભાઈ પટેલ, કોદરસિંહ વેચાતસિંહ પરમાર, મહેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ, તારાબેન કમલેશભાઈ ઠાકોર, ભરતભાઈ શંકરભાઈ પટેલ, નૂતનપુરી ચીમનપુરી ગોસ્વામી, નાથુસિંહ હિંમતસિંહ પરમાર, લક્ષ્મીબા છબસિંહ ઝાલાની કારોબારી સમિતિના સભ્યો તરીકે નિમણુક કરવામાં આવી હતી.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## વાત્રકગઢ પ્રા. શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ધનસુરા નજીકના વાત્રકગઢ પ્રાથમિક શાળામાં બાળકો દ્વારા ૬૬માં પ્રજાસત્તાક પર્વનવી શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. વાત્રકગઢ પ્રાથમિક શાળામાં વાત્રકગઢ ગામ અને એસ.એમ.સી. પરિવારના સંયુકત ઉપક્રમે આ પ્રજાસત્તાક પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક પંકજભાઈ બારોટ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને સર્વે ઉપસ્થિત મહાનુભાવોએ ધ્વજને સલામી આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ વિશેષ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યા હતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## હાંસલપુર ગામે કિશોરી ઝાડ પરથી પડતા ગુપ્ત ભાગે ઈજાથી સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના હાંસલપુર ગામે બુધવારે બપોરે એક કિશોરી ઝાડ પરથી પડી ગયેલ જેને ગુપ્ત ભાગે લાકડાથી ઈજા થતા સારવાર માટે હિમતનગર સિવિલમાં દાખલ કરેલ જયાં ગુરુવારે સારવાર દરમિયાન મોત નીપજયું હતું.

આ અંગેની વિગત એવી છે હાંસલપુર ગામના મહેન્દ્રભાઈ ચૌહાણની ૧૪ વર્ષીય દીકરી કોમલ જે હિમતનગરની ત્રિવેણી હાઈસ્કુલમાં ધો-૯ માં અભ્યાસ કરતી હતી જે બુધવારે બપોરે ૩ વાગેના સુમારે ઘર આગળ ઝાડ પર ચડી ડાલા કાપી રહી હતી દરમિયાન અચાનક ઝાડ પરથી કોમલ પડી જતા નીચે પડેલ લાકડા પર પડતા ગુપ્ત ભાગે વાગી જતા ગંભીર ઈજાઓ થઇ હતી જેને તાત્કાલિક સારવાર માટે હિમતનગર સિવિલમાં દાખલ કરાઈ હતી જયાં ગુરુવારે સવારે ૯.૩૦ વાગે મોત નીપજયું હતું આ અંગે સિવિલના તબીબે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

હિમતનગરમાં મેડીકલ કોલેજની ઈશ્પેકશન માટે ત્રણ સભ્યોની ટીમ આવી સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર નજીક ૨૫ એકર જમીનમ આકાર લઈ રહેલ અને જેનું કામકાજ ચાલી રહ્યું છે જયાં ૧૫૦ સીટ અને ૭૦૦ બેડની મેડીકલ કોલેજ જે ૬૦૦ કરોડના ખર્ચે બની રહેલ જેમાં બ્લડ બેંક, પાચ આઈસીયુ, એમ આર આઈ, સીટી સ્કેન, નવ ઓપરેશન થીયેટર સહીત વિવિધ વિભાગો અને સગવડો માટેની ૭ બિલ્ડીગો ૧૦ માળની બની રહી છે જેની મુલાકાતે મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ત્રણ સભ્યો ની ટીમ આવી હતી જેમાં બિહારના પટના મેડીકલ કોલેજના ડૉ. એસ. એન. શર્મા, મહારાષ્ટ્ર ના નાગપુરની ઈન્દીરા ગાંધી મેડીકલ કોલેજના ડૉ. પી. પી. જોશી અને આંધ્ર -દેશના કાકીનાડાની રંગારાય મેડીકલ કોલેજના ડૉ. જી. રાજેશ્વરી બુધવારે આવી હતી અને ગુરુવાર રોકાઈને સાંજે ગાંધીનગર જવા રવાના થઈ હતી.

## કલ્યાણ જ્વેલર્સ ડાયમંડ્સ આર ફોર એવરીવન કેમ્પેઈનની અમિતાભ બચ્ચન આગેવાની કરે છે

અમદાવાદ, તા. ૨૯

કલ્યાણ જ્વેલર્સે ડાયમંડ્સ આર ફોર એવરીવનની ફિલસૂફીની રેખામાં સર્ટિફાઈડ એફોર્ડેબલ ડાયમંડ જ્વેલરીની નવી શ્રેણી લોન્ચ કરે છે. એફોર્ડેબલ ડાયમંડ જ્વેલરીની આ રેન્જમાં વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલી વીંટીઓ, એરિંગ્સ અને પેન્ડન્ટસનો સમાવેશ થાય છે. આ રેન્જ રૂ. ૮૦૦૦ થી શરૂ થાય છે અને સર્વ કલ્યાણ જ્વલર્સના શોરૂમોમાં મળશે. કલ્યાણ જ્વેલર્સ આક્રમક માર્કેટિંગ કેમ્પેઈનમાં પણ રોકાણ કરશે. કલ્યાણ જ્વેલર્સના રાષ્ટ્રીય બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચન ડાયમંડ્સ આર ફોર એવરીવન કેમ્પેઈન પ્રમોટ કરી રહ્યા છે. જે પોતાની ડાયમંડ સ્ટડેડ જ્વેલરી વસાવવા માગતી સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને રજુ કરવામાં આવી છે. કલ્યાણ જ્વેલર્સ હીરાઓની ગુણવત્તાની વિશ્વાસાહર્તાને સમર્થન આપતી ઈન્ટરનેશનલ જેમોલોજિકલ ઈન્સ્ટિટયૂટ (આઈજીઆઈ) દ્વારા જારી સર્ટિફિકેટ ઓફર કરે છે. કલ્યાણ જ્વેલર્સ એફોર્ડેબલ જ્વેલરીની આ શ્રેણી માટે એક્સચેન્જમાં ૯૦ ટકા કેશ બેક અને ૧૦૦ ટકા બાય બેક પણ ઓફર કરે છે.

હીરામાં દેશમાં હંમેશા ભરપૂર આકાંક્ષાત્મક મૂલ્ય રહ્યું છે. સર્વ વય જૂથની સ્ત્રીઓ તે વસાવવા માગે છે, કારણ કે તે સુંદરતા, મનોહરતા, શૈલી અને આધુનિકતાનું દ્યોતક હોવા સાથે ધારણ કરનારી સ્ત્રીની ઉત્કૃષ્ટ રુચિ પણ પ્રદર્શિત કરે છે. સ્ત્રીની આ અંતર્ગત જરૂરતોને ધ્યાનમાં રાખતાં કલ્યાણ જ્વેલર્સ અત્યંત આકર્ષક કિંમતે ઉપલબ્ધ વિશિષ્ટ ડિઝાઈનોમાં સ્ટડેડ ઉત્કૃષ્ટ કટ ડાયમંડ્સ ઓફર કરે છે. જ્વેલરીની નાજુક, આકર્ષક લૂક ઈલેક્ટ્રોફોર્મિંગની આધુનિક ટેકનિકથી વિકસાવવામાં આવ્યો છે.

કલ્યાણ જ્વેલર્સની એફોર્ડેબલ જ્વેલરીની રેન્જમાં હીરા જડિત વીંટીઓ (રૂ. ૮૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦), હીરાના પેન્ડન્ટસ (રૂ. ૯૬૦૦ થી રૂ. ૧૬,૦૦૦) અને હીરાના એરિંગ્સ (રૂ. ૧૮,૨૦૦ થી રૂ. ૨૦,૫૦૦)નો સમાવેશ થાય છે. સમકાલીન ડિઝાઈનો રોજબરોજ પહેરવા માટે ઉપયોગ કરી શકાય છે. અને સામાજિક સમારંભો માટે પણ ઉપયોગ કરી શકાય છે. કલ્યાણ જ્વેલર્સ આગામી તહેવાર અને વિશેષ અવસર માટે અનુકૂળ ભેટસોગાદનો વિકલ્પ તરીકે પણ શ્રેણી લાવી રહી છે.

## શબ્દાવલી - ૫૬૨૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | |
| | ■ | ૧૦ | | ■ | ■ | ■ | ■ |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | | ■ | ૧૮ | | |
| ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | | | | | ■ | |

### આડી ચાવી

૧. સંગાથ, સાથ (૪)
૪. પાચન, વાત ખતમ પૈસા... (૩)
૭. પ્યાર,... લડાવવા (૨)
૮. હોજરી, શરીરનું આંતરિક અંગ (૫)
૧૦. કટુ વેણ (૩)
૧૧. કરતાલ, એક હાથતી વગાડાતુ વાદ્ય (૪)
૧૭. ઉતાવળમાં થતી ગભરામણ (૪)
૧૮. .... ની મઝા મોતની સજા (૩)
૧૯. તાસક, પ્લેટ (૨)
૨૦. કાળી ટીલી લાગવી,... લાગવી (૩)
૨૩. '૩૫' (૩૫) નો આંક (૩)
૨૫. ઉલટાસુલટુ (૬)

### ઊભી ચાવી

૧. સલાહ આપનાર (૫)
૨. ઝાડમાં નીચેનો મૂળ પછીનો ભાગ (૨)
૩. રસ્સી માર્ગ (૩)
૪. વાયરો, પવન (૨)
૫. ગમે તેટલા લોકોના કામ કરો તોય... ના માથે જૂતિયા જ મળે (૨)
૬. મદિરા, શરાબ (૨)
૯. ચોખાના કટકા (૩)
૧૦. કડવો સ્વાદ (૪)
૧૨. સીંધીઓમાં મરનાર વ્યક્તિ પાછળ કરાતી રસમ (બેસણું)(૩)
૧૪. રઝળ્યા કરવું તે (૫)
૧૫. તાડના પાનનું છજુ (૪)
૧૬. ચીટકુ, લપીયા (૨)
૨૧. હજમ કરવા, પૈસા... કરવા (૨)
૨૨. હકનું માંગણુ (૨)
૨૪. સડવું તે, દાંતમાં... થવો(૨)

### શબ્દાવલી ૫૬૨૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખેતીવાડી (૪) સુદામા (૬) રાત (૭) ઝગમગ (૮) તર (૯) લુ (૧૦) અમલ (૧૧) અલ્પવિરામ (૧૪) લપડાક (૧૭) આરામદાયક (૧૮) હરોળ (૧૯) ણચ

**ઊભી ચાવી :-** (૧) ખેરાત (૨) તીતર (૩) ડીઝલ (૪) સુમસામ (૫) દાગ (૧૦) અમલદાર (૧૧) અલી (૧૨) વિકરાળ (૧૩) શક (૧૫) પય (૧૬) ડાકણ (૧૭) આરો

## રાજ્યમાં ઓનલાઈન ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમ વિકસાવાશે

અમદાવાદ, તા. ૨૯

આનંદીબેન પટેલ રાજયના યુવાનોને રોજગાર અવસર મળી રહે તથા માનવ સંશાધન કુશળતા ઉંચે લઈ જઈ શકાય તે માટે વાયબ્રન્ટ સમિટ સંદર્ભે જે તે જિલ્લામાં સ્થપાનારા ઉદ્યોગો અમુરૂપ માનવબળ તૈયાર કરવા કૌશલ્ય વર્ધન કેન્દ્રો-ઉદ્યોગોના સહયોગમાં રહીને જરૂર જણાયે શરૂ કરવા તંત્રવાહકોને આહાવાન કર્યું છે.મુખ્યમંત્રી સામાન્ય નાગરિકો-અરજદારોની રજૂઆતોની સ્થિતી-સ્ટેટસ તે પોતે પણ જાણી શકે તે માટે ઈન્ટરનેટ બેઈઝડ ઓન લાઈન ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમ તમામ જિલ્લાઓમાં એક સામાન ધોરણે શરૂ કરવા પણ માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં મકાન મંત્રી નિતીનભાઈ પટેલ, નાણાં મંત્રી સૌરભભાઈ પટેલ ગ્રામ વિકાસ મંત્રી જયંતિભાઈ કવાડીયા તથા રાજય મંત્રીઓ વસુબહેન, છત્રસિંહજી, રજનીભાઈ પટેલ તેમજ મુખ્ય સચિવ ડી.જે.પાંડિયન અને વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત હતા. આનંદીબહેન પટેલે ગુજરાતને ખુલ્લામાં શૌચક્રિયા મુદત રાજય બનાવવાના નિર્ધાર માટે આગામી ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધીંમાં રાજય દરેક જિલ્લામાં ઓછામાં ઓછો એક તાલુકો સંપૂર્ણ શૌચાલયયુકત બને તોવા આયોજન માટે તાકિદ કરી હતી. તેમણે આ સંદર્ભમાં સ્વચ્છતાં-સ્વસ્થતાનો સ્થાનિક સ્તરે વ્યાપક પ્રચાર-પ્રસાર શાળાના બાળકો-વિદ્યાર્થીઓના શેરી નાટકો-સ્વચ્છતા ગરબા-કાવ્ય રચના જેવા સર્જનાત્મક માધ્યમોથી કરવાનું સૂચન પણ કર્યું હતું.

આ પરિષદમાં વિવિધ જિલ્લા કલેકટરો પોતાના જિલ્લામાં જનસેવાના કરેલા આગવા કાર્યો બેસ્ટ પ્રેકટીસીસનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. મુખ્યમંત્રીએ આ પ્રેઝન્ટેષન સંદર્ભમાં વડોદરા કલેકટરાલય દ્વારા કૂપોષણ મુક્તિનો જે જનસહયોગ પ્રયોગ છે તેના નિષ્કર્ષનો તારણોનો અભ્યાસ કરી અન્ય જિલ્લાઓમાં પણ પહોંચડવા મુખ્યસચિવની અધ્યક્ષતામાં સમિતી રચના જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોને આવાસ તથા સ્વરોજગાર લક્ષી યોજનાઓ અને યુવા અને આર્થિક રીતે નબળા વર્ગો ઈડબ્લ્યુએસ આવાસમાં તેમને લાભ મળે તે માટે શહેરી વિકાસ અને શ્રમ રોજગાર વિભાગ સાથે જિલ્લા તંત્રો સંકલન કરે તેવી હિમાયત કરી હતી.



## કાંકરેજમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરાઈ

કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે મામલતદાર કચેરી, તાલુકા કચેરી આંકોલી પ્રા. શાળા કોર્ટ સંકુલ સહિત વિવિધ સ્થળોએ ૬૬મા પ્રજાસત્તાક દિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રજાસત્તાક પર્વે કાંકરેજ મામલતદાર કચેરીએ પુરવઠા મામલતદાર પાટડીયા, કોર્ટ સંકુલમાં જજ આર.આર. મિસ્ત્રી, તાલુકા પંચાયત કચેરીમાં તારાબેન સોલંકી, આંકોલી પ્રા. શાળામાં બિન્દુબેન ઝાલા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ વિવિધ રંગારંગ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં બેટી બચાવો-દેશ બચાવો, સ્ત્રી ભ્રૂણ હત્યા, ઢોંગી સાધુ જેવા નાટકો, ગરબા, રાસ અને પ્રાર્થના જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે બાળકોને વિવિધ ભેટ પણ આપવામાં આવી હતી. (તસવીર: આશારામ રાવલ, શિહોરી)

## ગ્રેટર નોઈડા ઈન્ડિયા એક્સ્પો સેન્ટરમાં ૪ થી ૭ ફેબ્રુઆરી દરમિયાન દિલ્હીવુડ ૨૦૧૫નું આયોજન

### વુડવર્કિંગ ટ્રેડ શોમાં ૨૦ દેશોના ૪૫૦ પ્રદર્શકો ભાગ લેશે

અમદાવાદ, ફર્નિચર પ્રોડકશન ટેકનોલોજી, વુડવર્કિંગ, મશીનરી, ટુલ્સ, ફિટિંગ્સ, એક્સેસરીઝ, રો-મટિરિયલ અને પ્રોડક્ટ્સ માટેના ઈન્ટરનેશનલ ટ્રેડ ફેર (**www.delhi-wood.com**) દિલ્હીવુડની ચોથી આવૃત્તીનું આયોજન ગ્રેટર નોઈડાના ઈન્ડિયા એક્સ્પો સેન્ટર માં ૪થી૭ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. દિલ્હીવુડ ૨૦૧૫મા ૮ દેશોનાં પેવેલિયન છે અને તેમાં ચીન, જર્મની, ઈટાલી, કેનેડા, ફ્રાન્સ, તાઈવાન, તુર્કી અને અમેરિકા સહિતના ૨૦ દેશોના એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે. મુલાકાતીઓ અત્યંત આધુનિક વુડવર્કિંગ ટેકનોલોજી, ૫૦૦થી વધુ વેરાઈટીના મશીન્સ, ટુલ્સ, મટિરિયલ્સ, ફર્નિચર, હાર્ડવેર અને એક્સેસરીઝ જોઈ અને ખરીદી શકશે.

ઉત્તર, મધ્ય અને ઉત્તર પૂર્વ ભારતના રાજ્યોના પ્રતિસાદને જોતાં એક્સ્પોમાં ૧૫,૦૦૦થી વધુ ખરીદારો મુલાકાત લે તેવી આશા છે. જેમાં કારીગરો, મિસ્ત્રીઓ, ફર્નીચર ઉત્પાદકો, હાર્ડવેર વિતરકો / ડિલર્સ / ઉત્પાદકો, પ્લાયવુડ અને પાર્ટિકલ બોર્ડના ઉત્પાદકો, લાકડાંની ચીજોના ઉત્પાદકો, રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોરેસ્ટ્રી અધિકારીઓ, સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે. આ એક્સ્પોમાં ભુટાન, નેપાળ, શ્રીલંકા અને સાઉથ ઈસ્ટ એશિયન દેશોના ડેલીગેટ્સ પણ ભાગ લેશે.

ભારતીય ફર્નીચર ઉત્પાદન ઉદ્યોગ રૂ.૧૨,૦૦૦ કરોડનો છે અને અસંગઠિત ક્ષેત્રમાં ત્રણ લાખથી વધુ કર્મચારીઓ કામ કરે છે. કુલ કારીગરોના માત્ર ૧૫ ટકા જ સંગઠિત ક્ષેત્ર છે. દિલ્હીવુડ ૨૦૧૫ નાના, મધ્યમ અને મોટા મિસ્ત્રીઓ, કારીગરોને સ્પર્ધાત્મક બનવાની અને બજારનો લાખ ઉઠાવવાની તક આપશે. દિલ્હીવુડની વર્તમાન આવૃત્તિનું આયોજન પીડીએ ટ્રેડ ફેર્સે બિનનફાકારક સંસ્થા ઈસ્ક્રીજી ના સહયોગમાં કર્યું છે.

## સ્કૂલ બસે આઠ વાહનોને અડફેટે લીધા : એક ઘાયલ

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા એસજી હાઈવે પર આજે એક સ્કૂલ બસની બ્રેક ફેલ થઈ જતા તેણે આઠ વાહનોને અડફેટે લીધા હતા જેમાં એક નવ વર્ષની બાળકી ઘાયલ થતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. ઘટનાના પગલે પોલીસે બસ ડ્રાયવરની ધરપકડ કરી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ એસજી હાઈવે પર પકવાન ચાર રસ્તા નજીક ઝાયડસ સ્કૂલ ફોર એક્સેલન્સની એક બસની બ્રેક ફેલ થઈ ગઈ હતી.

## કેન્દ્રો વધારવા દરખાસ્ત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દક્ષિણ તેમ બે ભાગમાં વહેંચાયેલા નગરમાં નજીકના અંતરમાં જ પરીક્ષા આપવાની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેને ધ્યાને લઈ આ દરખાસ્ત કરવામાં આવી છે. ઘણીવાર ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીએ દૂરના પરીક્ષા સ્થળે પહોંચવામાં હાલાકી ભોગવવી પડતી હોવાનું ધ્યાને આવતા શિક્ષણ તંત્ર દ્વારા કેન્દ્ર વધારવાની દરખાસ્ત બોર્ડ સમક્ષ કરવામાં આવી છે.

## જાહેર ખબર

મહેસૂલ વિભાગ હસ્તકની ટોયોટા ક્વૉલીસ જીજે-૧૮-જી-૧૩૨૦ તથા જીજે-૧૮-જી-૧૩૧૪, મોડેલ-૨૦૦૧ જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. વાહનો તા. ૪/૨/૨૦૧૫ના રોજ કચેરી સમયમાં સંપર્ક કરવાથી જીજે-૧૮-જી-૧૩૨૦ બ્લોક નં. ૯ તથા બ્લોક નં,૧૧ની વચ્ચે તથા જીજે-૧૮-જી-૧૩૧૪ બ્લોક નં.૧૧ના ભોંયતળિયાના પાર્કીંગ, સચિવાલય, ગાંધીનગર ખાતે જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૧૨/૨/૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૧૬/૨/૨૦૧૫ના રોજ બપોરે ૧૫-૦૦ કલાકે ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવું કે કેમ, તેની સત્તા સક્ષમ અધિકારીની રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે, તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની રકમ તથા તે ઉપર ચુકવવાપાત્ર નિયમોનુસારના વેરા ભરવાના રહેશે. જીજે-૧૮-જી-૧૩૧૪ની તળિયાની કિંમત રૂ. ૧,૪૫,૦૦૦/- છે તથા જીજે-૧૮-જી-૧૩૨૦ની તળિયાની કિંમત રૂ. ૧,૨૫,૦૦૦/- છે.

સહી/-
(વાય. આઈ. કુરેશી)
ઉપસચિવ, મહેસુલ વિભાગ
બ્લોક નં. ૧૧, ૫મો માળ,
સચિવાલય, ગાંધીનગર

માહિતી/૨૨૮૨/૨૦૧૪-૧૫